વર્ષ : ૧, અંક : ૧૧, સળંગ અંક : ૧૧ જાન્યુઆરી : ૨૦૧૩

સતપંથ પ્રકાશ

શ્રીમદ્ ભગવત્ દશાવતાર જ્ઞાનયજ્ઞ પારાયણ તા. ૨૫ થી ૩૧ ડીસેમ્બર - ૨૦૧૨ (ખેડબ્રહ્મા)





શ્રી નિષ્કલંકી નારાયણ ભગવાન જ્યોતિ મંદિર
નવારામપુરા કંપા, તા. વડાલી, જી. સાબરકાંઠા.



શ્રી નિષ્કલંકી નારાયણ ભગવાન જ્યોતિ મંદિર
રવિપુરા કંપા, તા. વડાલી, જી. સાબરકાંઠા.



શ્રી નિષ્કલંકી નારાયણ ભગવાન જ્યોતિ મંદિર-મોહનપુરાકંપા, તા. મોડાસા, જી. સાબરકાંઠા.

છૂટક કિંમત - રૂા. ૭/- વા.લ. રૂા. ૮૦/-

વર્ષ : ૧, અંક : ૧૧, સળંગ અંક : ૧૧

જાન્યુઆરી : ૨૦૧૩

સતપંથ પ્રકાશ

શ્રીમદ્ ભગવત્ દશાવતાર જ્ઞાનયજ્ઞ પારાયણ તા. ૨૫ થી ૩૧ ડીસેમ્બર - ૨૦૧૨ (ખેડબ્રહ્મા)









શ્રી નિષ્કલંકી નારાયણ ભગવાન જ્યોતિ મંદિર
નવારામપુરા કંપા, તા. વડાલી, જી. સાબરકાંઠા.



શ્રી નિષ્કલંકી નારાયણ ભગવાન જ્યોતિ મંદિર
રવિપુરા કંપા, તા. વડાલી, જી. સાબરકાંઠા.



શ્રી નિષ્કલંકી નારાયણ ભગવાન જ્યોતિ મંદિર-મોહનપુરાકંપા, તા. મોડાસા, જી. સાબરકાંઠા.

છૂટક કિંમત - રૂ. ૭/- વા.લ. રૂ. ૮૦/-

શ્રીમદ્ ભગવત્ દશાવતાર જ્ઞાનયજ્ઞ પારાયણ

ખેડબ્રહ્મા, જી. સાબરકાંઠા. (તા. ૨૫-૧૨-૨૦૧૨ થી તા. ૩૧-૧૨-૨૦૧૨)


ઉપરોક્ત પ્રસંગે માતાજી કંપાથી ભવ્ય શોભાયાત્રા પ્રસ્થાન-શુભારંભ



ઉપરોક્ત પ્રસંગે ભવ્ય શોભાયાત્રામાં 'વીર હનુમાનજી'નો ટેબ્લો



ઉપરોક્ત પ્રસંગે શોભાયાત્રામાં ચાર યુગના ચાર રંગોના વસ્ત્ર પરિધાનમાં મહિલા ભાવિક ભક્તો


ઉપરોક્ત પ્રસંગે ભવ્ય પોથીયાત્રા


ઉપરોક્ત પ્રસંગે દિવ્ય પોથીનું સ્થાપન - પૂજન કરતા
પ.પૂ. જગદ્ગુરુશ્રી તથા યજમાનો


ઉપરોક્ત પ્રસંગે પંચ પોથી તથા પંચ મુખી મહારાજશ્રીઓ


ઉપરોક્ત પ્રસંગે વ્યાસપીઠ ઉપર બિરાજમાન
પ.પૂ. મહંત 'સતપંથ રત્ન' આચાર્યશ્રી જનાર્દનજી મહારાજનું
ચંદન-તિલક-આરતીથી સજોડે પૂજન કરતા
પૂ. શ્રી પ્રેમદાસબાપુ તથા શ્રી શાંતિભાઈ (યજમાનશ્રી)

realpatidar.com

2013-01 -Satpanth Prakash (1423)

Mohanpura Kampa, Modasa - Satpanth Khana

ૐ શ્રી નિષ્કલંકી નારાયણ ... દિર પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ

મુ. મોહનપુરકંપા, તા. મોડાસા. જી. સાબરકાંઠા (તા. ૨૩-૧૧-૨૦૧૨)



ઉપરોક્ત પ્રસંગે સંતોના ભવ્ય સ્વાગત - શોભાયાત્રા




ઉપરોક્ત પ્રસંગે મંચસ્થ બિરાજમાન પ.પૂ. જાદ્‌ગુરુ શ્રી નાનકદાસજી મહારાજ તથા પૂ. સંતો - મહંતો - મહાનુભાવો





ઉપરોક્ત પ્રસંગે ધર્મસભામાં ધર્મલાભ લેતા ભાવિક હરિભક્તો



ઉપરોક્ત પ્રસંગે વિષ્ણુયાગ મહાયજ્ઞ



ઉપરોક્ત પ્રસંગે વૈદિક મંત્રોચ્ચાર દ્વારા શ્રી નિષ્કલંકી નારાયણ ભગવાનના સિંહાસનની પ્રાણ પ્રતિષ્ઠા, આદ્યશક્તિ જ્યોતિ પ્રાગટ્ય વિધિ, ત્રિદેવ જ્યોતિ પ્રાગટ્ય વિધિ, ત્રિદેવ પ્રતિક પ્રાણ પ્રતિષ્ઠા, પ.પૂ. જાદ્‌ગુરુ શ્રી નાનકદાસજી મહારાજ કરી રહ્યા છે.

Navrampura
Kampa Vadali
Satpanth Khana

ૐ શ્રી નિષ્કલંકી નારાયણ ... પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ

મુ. નવારામપુરાકંપા, તા. ... ૨૪-૧૨-૨૦૧૨)



ઉપરોક્ત પ્રસંગે સંતોના ભવ્ય સ્વાગત - શોભાયાત્રા



ઉપરોક્ત પ્રસંગે મંચસ્થ બિરાજમાન પ.પૂ. જગદ્‌ગુરુ શ્રી નાનકદાસજી મહારાજ તથા પૂ. સંતો - મહંતો - મહાનુભાવો



ઉપરોક્ત પ્રસંગે ધર્મસભામાં ધર્મલાભ લેતા ભાવિક હરિભક્તો



ઉપરોક્ત પ્રસંગે વિષ્ણુયાગ મહાયજ્ઞ



ઉપરોક્ત પ્રસંગે વૈદિક મંત્રોચ્ચાર દ્વારા શ્રી નિષ્કલંકી નારાયણ ભગવાનના સિંહાસનની પ્રાણ પ્રતિષ્ઠા, આદ્યશક્તિ જ્યોતિ પ્રાગટ્ય વિધિ, ત્રિદેવ જ્યોતિ પ્રાગટ્ય વિધિ, ત્રિદેવ પ્રતિક પ્રાણ પ્રતિષ્ઠા, પ.પૂ. જગદ્‌ગુરુ શ્રી નાનકદાસજી મહારાજ કરી રહ્યા છે.

દાન આપનારનો હાથ હંમેશાં ઉંચો રહે છે. મનુષ્ય જન્મ સફળ, સુફળ કરે છે. કહેવાય છે ને કે :
"ભીખારી કહે છે ઘેર ઘેર ફરી, કશું કોઈને ન આપતાં ઈશે મારી આ હાલત કરી." માટે આપો કણ આપશો તો કુદરત તમોને મણ આપશે.

•

ચલો સત્ કે પંથ પર...

- રમેશચંદ્ર મોહનલાલ રાણા - રાણા પરિવાર (અમદાવાદ) - પ્રમુખ, બાલાશાહ મંદિર ટ્રસ્ટ -ખંભાત - ટ્રસ્ટી

અખિલ ભારતીય સનાતન સત્પંથ સેવા મંડળ આયોજીત રાષ્ટ્રીયરક્ષા, ગૌરક્ષા, ધર્મરક્ષા, ભ્રૂણહત્યા, બેટી બચાવો તેમજ વિશ્વશાંતિ માટે ૧૦૮ કુંડી મહાયજ્ઞ અને સત્પંથાચાર્ય જગદ્ગુરુ શ્રી નાનકદાસજી મહારાજનો દશાબ્દિ મહોત્સવ તથા અખિલ ભારતીય સંત સમિતિનું રાષ્ટ્રીય મહાઅધિવેશનનું આયોજન તા. ૧૭-૧૮-૧૯ નવેમ્બર, ૨૦૧૨ના દીપાવલિના શુભ દિવસોમાં બ્રહ્મલીન આદ્ય જગદ્ગુરુ સત્પંથાચાર્ય શ્રી કરસનદાસજી મહારાજની કર્મભૂમિ, ગુજરાતની તપોભૂમિ શ્રી નિષ્કલંકી નારાયણધામ-પ્રેરણાપીઠ, પીરાણા, અમદાવાદ મુકામે ચતુર્વિધ મહોત્સવ ખૂબ જ ધામધૂમ અનેરા ઉત્સાહથી પવિત્ર વાતાવરણમાં ઉજવાઈ ગયો.

આ શુભ પ્રસંગે "પ્રેરણાપીઠ ચતુર્વિધ મહોત્સવ"માં સમસ્ત ભારતના પ.પૂ. જગદ્ગુરુ શ્રી શંકરાચાર્યો, પ.પૂ. રામાનંદાચાર્યો, પ.પૂ. જગદ્ગુરુ રામાનુજાચાર્યો, પ.પૂ. જગદ્ગુરુ શ્રી નિમ્બકાચાર્યો, પ.પૂ. ધર્માચાર્યો, પ.પૂ. મહામંડલેશ્વરો, પ.પૂ. સંતો-મહંતો-મહાનુભાવો મોટી સંખ્યામાં હાજર રહી દિવ્ય દર્શન તેમની અમૃતવાણીનો હાજર રહેલ સમગ્ર ધર્મપ્રેમીઓ તેમજ સમસ્ત ભારત તથા વિશ્વ સ્તરે પથરાયેલ સત્પંથી પ્રજાને ટી.વી. ચેનલોના માધ્યમ દ્વારા લાભ આપ્યો હતો.

મોટી સંખ્યામાં પધારેલ સંત-મહંતોનું ઢોલ-ત્રાંસા તથા શરણાઈઓના શૂરો સાથે પુષ્પમાલાઓથી સભામંડપમાં સ્વાગત કરવામાં આવ્યું હતું. સભાખંડ તથા યજ્ઞકુંડ ઉપર આકાશમાંથી હેલીકોપ્ટર દ્વારા પ.પૂ. શ્રી નાનકદાસજી મહારાજના હસ્તે પુષ્પવૃષ્ટિ કરવામાં આવી. સંતોના આશીર્વાદ સાથે જગદ્ગુરુશ્રી નાનકદાસજી મહારાજની રજતતુલા કરવામાં આવી, જે પ્રસંગે અદ્ભૂત વાતાવરણ ઉભું થયું હતું.

અખિલ ભારત રાણા સમાજના મુખ્યત્વે સુરત, ખંભાત, અમદાવાદ, રાજસ્થાન, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર વગેરે ગામો તથા રાજયોમાંથી મોટી સંખ્યામાં ભાઈઓ-બહેનો-માતાઓ-બાળકો આવ્યાં હતાં. તેમજ સ્વયં સેવકોનો આયોજન સમિતિમાં સમાવેશ કરી આ પ્રસંગમાં પધારેલ સર્વે સંતો-મહંતોને ફૂલહારથી સન્માનવાનો લાભ આપ્યો હતો જે પ્રશંસનીય છે.

છેલ્લા છ માસથી આયોજકો દ્વારા પ્રેરણાપીઠ પીરાણામાં જુદી જુદી સમિતિઓની રચના કરી તેમના અભિપ્રાય લઈ આવનાર ધર્મપ્રેમી સત્પંથીઓને તકલીફ ના પડે તે રીતનું આયોજન કરવામાં આવ્યું હતું. એક જ ઉદ્ગાર હતો કે અદ્ભૂત વ્યવસ્થા, આ માટે આયોજકો અભિનંદનને પાત્ર છે. સર્વે ઉપર બ્રહ્મલીન આદ્ય જગદ્ગુરુ શ્રી કરસનદાસ મહારાજ, જગદ્ગુરુ સત્પંથાચાર્યશ્રી નાનકદાસજી મહારાજ, ૐ શ્રી નિષ્કલંકી નારાયણ ભગવાનના આશીર્વાદ પ્રાપ્ત થાય તેવી પ્રાર્થના સાથે વિરમું છું.

॥ અસતો મા સત્ ગમય ॥

•

શ્રીમદ્ ભગવત્ દશાવ[illegible] પારાયણ

(તા. ૨૫-૧૨-૨૦૧૨ થી તા. ૩૧[illegible] સાબરકાંઠા)

પ.પૂ. "સત્પંથ રત્ન" મહંતશ્રી જનાર્દનજી મહા[illegible] થતું પામવા સાતેય દિવસ
હજારોની મેદનીથી સરસ્વતિધામ ઉભરાયું
વ્યસન અને ફેશનથી દૂર રહેવા સંકલ્પ લેવાયા
સ્વામી વિવેકાનંદ સાર્ધ શતાબ્દિ નિમિત્તે પણ સંકલ્પ લેવાયા
દાન દાતાઓ તથા મહાનુભાવોનાં સન્માન કરાયાં

સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્મા તાલુકામાં જ્યોતિ હાઈકસ્લ ખાતે તા. ૨૫-૧૧-૨૦૧૨ના રોજથી શ્રીમદ્ ભગવત્ દશાવતાર જ્ઞાનયજ્ઞ પારાયણની 'સત્પંથ રત્ન' પ.પૂ. મહંતશ્રી જનાર્દનજી મહારાજના સુમધુર કંઠે શરૂઆત થઈ. જેમને ખેડબ્રહ્મા સાથે સમગ્ર સાબરકાંઠા, બનાસકાંઠા, ખેડા, ગાંધીનગર, અમદાવાદ તેમજ કચ્છમાંથી મોટી સંખ્યામાં જનમેદનીએ ઉપસ્થિત રહી રસપાન કરેલ હતું. જેમાં પ્રથમ દિવસે તા. ૨૫-૧૨-૨૦૧૨ના રોજ સવારે ૭-૦૦ કલાકે દશાવતાર કથાના મુખ્ય યજમાન મા.શ્રી ધનજીભાઈ ખેતાભાઈ માકાણી (માતાજીકંપા)ના સ્વગૃહેથી પોથીયાત્રા નીકળીને વિશાળ શોભાયાત્રાના સ્વરૂપમાં ખેડબ્રહ્મા બસ સ્ટેન્ડથી બ્રહ્માજી ચોક, હરણાવ નદી, કાશી વિશ્વનાથ થઈ શીતલ ચોક, સરદાર ચોક થઈને હાઈવેથી જ્યોતિ હાઈસ્કૂલ ખાતે ઊભા કરાયેલા વિશાળ સમિયાણામાં સરસ્વતિ ધામ ખાતે સભા સ્વરૂપમાં પરિવર્તિત થઈ હતી.

સમગ્ર શોભાયાત્રામાં પ.પૂ. જગદ્‌ગુરુ શ્રી નાનકદાસજી મહારાજ તથા ભગવત્ કથાકાર પ.પૂ. મહંતશ્રી જનાર્દનજી મહારાજ તેમજ અન્ય પૂ. સંતો શણગારેલી બગી તેમજ રથોમાં બિરાજમાન હતા. આ યાત્રાનું મુખ્ય આકર્ષણ હતું હિંદુ સનાતન સંસ્કૃતિની ઝાંખી કરાવતા આકર્ષક - શણગારેલા ૧૭ ટેબ્લોનું પ્રદર્શન. જેમાં ગણપતિજી, ઉમિયામાતાજી, હનુમાનજી, શ્રી રામદેવપીર, શ્રી નૃસિંહ અવતાર, શ્રી રામ અવતાર, શ્રી કૃષ્ણ અવતાર, શ્રી નિષ્કલંકી નારાયણ અવતાર તથા સદ્‌ગુરુશ્રી ઈમામશાહ મહારાજની જીવન ઝાંખી - વારિયજ્ઞ મહાપૂજા દર્શન, કૃષિદેવતા બલરામજી, સ્વામી વિવેકાનંદ, ભારતમાતા, રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘ, ભક્તોની રાસ મંડળી સાથે બેન્ડ પાર્ટી જોડાઈ હતી જેને ચાર તાલુકાના સમગ્ર કચ્છ કડવા પાટીદારોના હજારો હરિ ભક્તો તેમજ અન્ય ભાવિક ભક્તો સહિત સમગ્ર ખેડબ્રહ્મા નગરજનોમાં ઘેલું લગાડ્યું હતું અને વિરાટ જનમેદનીએ વિશાળ સંખ્યામાં ટેબ્લોમાંના દેવી દેવતાઓ અને ભગવાનના અવતારોનાં દર્શન કરી ધન્યતા અનુભવી હતી.

પોથી યાત્રામાં પોતાના માથે લઈ મુખ્ય પોથી યજમાનના સુપુત્રો શ્રી શાંતિભાઈ બિલ્ડર્સ - મુંબઈ, ડૉ. વિનુભાઈ - ખેડબ્રહ્મા તેમજ તેમનો સંપૂર્ણ માકાણી પરિવાર સંતોના સાનિધ્યમાં જોડાયો હતો. ખેડબ્રહ્માના નગરમાં ઐતિહાસિક યાદગાર શોભાયાત્રાનો માહોલ ધર્મમય વાતાવરણમાં ફેરવાયો હતો. જેની હજારોની જનતાએ નોંધ લીધી હતી. જ્યોતિ વિદ્યાલયની ૧૦૧ દીકરીઓએ ઘડી સાથે સરસ્વતિધામ ખાતે સ્વાગત કર્યું હતું.

સભાની શરૂઆતમાં દીપ પ્રાગટ્ય પ.પૂ. જગદ્‌ગુરુ શ્રી નાનકદાસજી મહારાજ દ્વારા કરવામાં આવ્યું. સભાના સ્વરૂપમાં ગોઠવાયા બાદ મુખ્ય યજમાન પરિવારના જ જ્યોતિ હાઈસ્કૂલના સ્થાપક,

પાલક, પૂર્વાચાર્ય અને પ્રખર કેળવણીકાર મા. શ્રી જેઠાભાઈ સાહેબે લાગણી ભીના ગદ્ગદ્ સ્વરે સૌ પૂજ્ય સંતો, વડીલો, યુવાનો અને ખેડબ્રહ્માની જનતા, સ્વયંસેવકોનું હૃદયની લાગણીઓથી ભાવવિભોર થઈ હાર્દિક સ્વાગત કર્યું હતું. ત્યારબાદ સૌ પૂ. સંતોનું ફૂલહારથી મુખ્ય યજમાનના પરિવાર અને આગેવાનો દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું.

મીની કુંભ જેવી વિરાટ સભામાં સત્પંથ તત્ત્વચિંતક આર. કે. પટેલ સાહેબએ કથા એટલે શું? કથાનો મહિમા સમજાવતાં શુકદેવજી અને આ જગતના શ્રેષ્ઠ શ્રોતા પરીક્ષિતનું ઉદાહરણ આપ્યું હતું. પ.પૂ. મહંતશ્રી શીવરામદાસજી મહારાજ, પૂ. મહંતશ્રી જયરામદાસજી મહારાજ, પૂ. યોગાચાર્યશ્રી પ્રેમદાસબાપુ (પંચવટી), પૂ. સંત શ્રી પ્રભુચરણદાસજી વગેરેઓએ કથા માટે પોતાના શુભ આશીર્વાદ પાઠવી સંપૂર્ણ આયોજનની સફળતા ઈચ્છી હતી.

પ.પૂ. જગદ્ગુરુ શ્રી નાનકદાસજી મહારાજે પણ સૌ આયોજકો, હરિભક્તો, દાતાઓ વગેરેનો આભાર માની આશીર્વાદ આપી આ કથા સાચા અર્થમાં સમસ્ત માનવ જગતના કલ્યાણ અને વિશ્વશાંતિ માટે સૌના જીવનમાં ઉપયોગી થઈ પડશે એમ જણાવેલ.

દરરોજ વડાલી, ઈડર, વિજયનગર, બનાસકાંઠા, મોડાસા, ધનસુરા, બાયડ, દહેગામ, ખેડા, સિરોહી, કચ્છ વગેરે તેમજ વિદેશથી યુ.એસ.એ., લંડન વગેરેથી મોટી સંખ્યામાં ભાવિક ભક્તો સવારના ૬=૦૦ વાગ્યાથી શરૂ કરીને મોડી સાંજ સુધી ભાવ વિભોર થઈ લાભ લીધો હતો. જેમાં વિવિશ વેશભૂષા આબેહુબ પાત્રો દ્વારા ભક્ત રૂષ્માગત ચરિત્ર, ભક્ત અંબરિષ ચરિત્ર, ભક્ત પ્રહલાદ ચરિત્ર, ભક્ત ધ્રુવ ચરિત્ર, ભક્ત કમલાધેન ચરિત્ર, શ્રી રામ જન્મોત્સવ, સીતા સ્વયંવર, શ્રી ભક્ત હરિશ્ચંદ્ર ચરિત્ર, શ્રી શબરી ચરિત્ર, શ્રી કૃષ્ણ જન્મોત્સવ, શ્રી કૃષ્ણ લીલા પ્રત્યક્ષ દર્શન, શ્રી રૂક્ષ્મણી વિવાહમાં ચિ. રાકેશ ભોજાણી અને ચિ. કિંજલ માકાણીના શુભ લગ્ન થયેલ. જેમાં કન્યાદાન પેટે રૂા. ૭૧૦૦૦/- રોકડા તથા સોનાની વીંટી કથાના મુખ્ય યજમાન શ્રી શાંતિભાઈ માકાણી પરિવાર દ્વારા આપવામાં આવેલ હતી. બુધ્ધ અવતાર પાંડવોનું સ્વર્ગારોહણ, છેલ્લે શ્રી નિષ્કલંકી અવતારમાં કલિયુગની કહાની - આગમવાણી વિશે રસપ્રદ માર્ગદર્શન આપી આબેહૂબ ઘોડા ઉપર "શ્રી નિષ્કલંકી અવતાર" પ્રાગટ્ય ખૂબ જ સુંદર રીતે રજૂ કરેલ હતું. છેલ્લે 'સત્પંથ રત્ન' શ્રી જનાર્દનજી મહારાજને ચરણામૃત પેટે સભામાંથી પુષ્પ રૂપે રૂા. ૨,૨૫,૦૦૦/- જેવું માતબર દાન ભાવિક ભક્તો તરફથી મળેલ હતું.

સાત દિવસની કથામાં ઉપસ્થિત મહાનુભાવોમાં સાબરકાંઠાના સાંસદ શ્રી ડૉ. મહેન્દ્રસિંહ ચૌહાણ, અબડાસાના ધારાસભ્યશ્રી છબીલદાસ માકાણી, પૂર્વ ધારાસભ્ય અને ભાજપ ગુજરાત પ્રદેશ ઉપાધ્યક્ષ શ્રીમતિ રમિલાબેન બારા, વિશ્વ હિંદુ પરિષદના ધર્મ પ્રસારક શ્રી પ.પૂ. ડૉ. ગૌરાંગશરણદાસજી મહારાજ, સ્થાનિક આગેવાનો તેમજ નાયબ કલેક્ટરશ્રી આર. આર. ઠક્કર સાહેબ, મામલતદારશ્રી મોદી સાહેબ તથા કૃષિ ખાતાના અધિકારીઓ, યુ.જી.વી.સી.એલ.ના અધિકારીઓ તેમજ સતત છેલ્લા ૧ માસથી અવાર નવાર તમામ પેપરોમાં સમાચારો આપવા માટે પત્રકાર મિત્રો, યાદવ કેબલ દ્વારા સતત પ્રસારણથી થયેલ રજૂઆત તથા દેશ વિદેશમાં પ્રસારણ દ્વારા થયેલ કાર્યક્રમો દ્વારા અભિનંદન સતત આવતા રહેલ હતા. કથા દરમ્યાન આર.એસ.એસ. શાખાના સ્વયંસેવકો દ્વારા સ્વામી વિવેકાનંદજી સાર્ધ શતાબ્દિ નિમિત્તે પ્રત્યેક ભાવિક ભક્તો માટે સંકલ્પો લીધેલ હતા. સાધના સાપ્તાહિક દ્વારા સ્ટોલ ખોલવામાં આવ્યો હતો. આ કથા દરમ્યાન યુવા શક્તિ ભાઈઓ - બહેનો તથા તમામે નિર્વ્યસની થવા સંકલ્પ લીધા હતા.

2013-01 -Satpanth Prakash (1423)

ભગવત્ જ્ઞાનયજ્ઞ દરમ્યાન આયોજકો દ્વારા સવારે ચા-નાસ્તો, બે ટાઈમ મહાપ્રસાદ, બપોરે ચા સહિતની સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી. જેનો સૌ હરિભક્તોએ ભાવથી લાભ લીધો હતો.

સાથે સાથે "શ્રી સત્પંથ દર્શન" પ્રદર્શન એ સૌના આકર્ષણનું કેન્દ્ર બની રહેલ હતું. જે કથામાં આવેલ તેને અચૂક જોવા માટે બધાને મજબૂર કરેલ હતા. જેમાં સત્યુગથી કલિયુગની પરંપરાનું તાદશ ચિત્ર આબેહૂબ રજૂ થયેલ હતું. આ પ્રસંગે ૬૭ કંપાના યુવાન ભાઈઓએ ખડે પગે રહી ખૂબ જ સેવાઓ આપેલ હતી.

સમગ્ર કાર્યક્રમનું સંપૂર્ણ મોનીટરીંગ શ્રી રાજાભાઈ અને શ્રી જેઠાભાઈ સાહેબે તેમજ આયોજન સમિતિએ કરેલ હતું આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન જ્યોતિ હાઈસ્કૂલના પ્રિન્સીપાલ શ્રી સુરેશ પટેલે કર્યું હતું. જ્યોતિ હાઈસ્કૂલના તમામ સ્ટાફની સતત સેવાઓ છેલ્લા ૧ માસથી અવિરત રહી હતી. તમામ કાર્યક્રમની પ્રસારની કામગીરી દિનેશ પી. પટેલે સંભાળી હતી.

મેવાસ વિસ્તારમાં યોજાઈ ગયેલ ભવ્ય [illegible]

Mewas Vistar, Mithivaav, Nasvadi

(મીઠીવાવ, તા. નસવાડી, તા. ૨૫-૧૦-૨૦૧૨) - *મણીલાલ ભગવાન - ધોળીસલ*

શ્રી નિષ્કલંકી નારાયણ મહાપ્રભુજીની કૃપાથી સદ્ગુરુશ્રી ઈમામશાહ મહારાજના આશીર્વાદથી અને સંતશ્રી નાયાજી મહારાજની પ્રેરણાથી પૂ. જગદ્ગુરુ શ્રી નાનકદાસજી મહારાજના શુભ આશીષથી મીઠીવાવ મુકામે મહાપૂજા એવમ્ સત્સંગ સમારોહ તેમજ હરિભક્તોનું મિલન તા. ૨૫-૧૦-૨૦૧૨, ગુરુવારના રોજ યોજાઈ ગયેલ.

જેમાં પ્રથમ પ.પૂ. મહંતશ્રી શીવરામદાસજી મહારાજનું પૂજન અર્ચન તેમજ પુષ્પહારથી સ્વાગત કરવામાં આવ્યું. ઘણા સમયથી સુષુપ્ત અવસ્થામાં પડેલી આ સંસ્થામાં જગદ્ગુરુ શ્રી નાનકદાસજી મહારાજના આશીર્વાદથી પ.પૂ. શીવરામદાસજી મહારાજે અથાગ પ્રયત્ન અને પુરુષાર્થથી મીઠીવાવ, ધોળીસલ, પાણી સાધળીયા, ધનીયાળા, બબ્બર આ સર્વે ગામોના હરિભક્તોમાં ભાવ અને પ્રેમ જગાડી સર્વ હરિભક્તોને સત્સંગ દ્વારા સમજાવી એક તાંતણે બાંધ્યા.

મહારાજશ્રીએ કહ્યું કે : આપણે જીવન એવું જીવીએ કે જેમ દૂધમાં સાકર ભળી જાય અને દૂધમાં જળ ભળી જાય એવી રીતે આપણે સૌએ હળીમળીને રહીએ. જેવી રીતે પુષ્પનું આયુષ્ય બહુ જ ટૂંકુ છે છતાં પણ એમની સુવાસ પાછળ રહી જાય છે. અગરબત્તી જલતી જાય છે અને આપણને સુવાસ આપે છે. મીણબત્તી જલતી જાય છે અને આપણને પ્રકાશ આપે છે. એ જ રીતે આપણે પણ જીવન એવું જીવીએ કે ટીપાય તો સુવર્ણ ઘાટ થઈ શકે, દટાય તો બીજનું વૃક્ષ બની શકે, ઘસાય તો ચંદન સુગંધ થઈ શકે, સમર્પણથી માનવી દેવ થઈ શકે તો આપણે જીવન એવું જીવી જાણીએ કે **"જબ તું આવ્યો જગતમેં, જગત હશે તું રોય, કરણી ઐસી કર ચલો, તુમ હસે જગત રોય."**

ત્યારબાદ મહારાજશ્રીએ કહ્યું કે જીવનમાં મોટું મન રાખવાનું, જતું કરતાં શીખવાનું, બાંધછોડ કરવાની અને ધીરજ રાખવાની. જીવન જીવવાની મહારાજશ્રીએ આ એક ચાવી બતાવી. વિશેષમાં મહારાજશ્રીએ સત્પંથ ધર્મ વિશે સમજાવ્યું કે **'સત્પંથ તો સીધી સડક હૈ ઈસમેં ખટકા નહીં કોઈ, દેખો ઈસ રાહ પે કોઈ મુસાફીર ભટકા નહીં.'** સત્પંથ ધર્મ અનાદિ સમયથી ચાલ્યો આવે છે અને અંતિમ સુધી રહેવાનો છે. સત્ય એ જ પરમાત્મા છે અને પરમાત્મા એ જ સત્ય છે. તો આપણે પણ સત્યને રાહે ચાલી સદ્ગુરુશ્રી ઈમામશાહ મહારાજ અને નાયાજી મહારાજે જે રાહ બતાવ્યો છે એ માર્ગ ઉપર

Dashavatar Gyanyagya

શ્રીમદ્ ભગવત્ દશ[illegible]ારાયણ

ખેડબ્રહ્મા, જી. સાબરકાંઠા. (તા. ૨૫-૧૨-૨૦૧૨ થી તા. ૩૧-૧૨-૨૦૧૨)




ઉપરોક્ત પ્રસંગે 'શ્રી નિષ્કલંકી અવતાર' કથામાં શ્રી નિષ્કલંકી નારાયણ ભગવાન શ્વેત ઘોડા તથા હનુમાનજી સાથે




ઉપરોક્ત પ્રસંગે દશાવતાર જ્ઞાનયજ્ઞ પારાયણમાં શ્રી બ્રહ્મા-શ્રી વિષ્ણુ-શ્રી મહેશ-શ્રી નિષ્કલંકી ભગવાન-શ્રી નરસિંહ ભગવાન-
શ્રી કૃષ્ણ ભગવાન- ઈન્દ્ર - હનુમાનજી તેમજ અન્ય દેવી દેવતાઓ તથા ચારે યુગના ભક્તો પાત્ર સ્વરૂપે




ઉપરોક્ત પ્રસંગે વ્યાસપીઠ પર બિરાજમાન પ.પૂ. મહંત આચાર્યશ્રી જનાર્દનજી મહારાજ ભાવિક હરિભક્તોને
શ્રીમદ્ ભગવત્ દશાવતાર જ્ઞાનયજ્ઞનું રસપાન કરાવી રહ્યા છે.



ઉપરોક્ત પ્રસંગે જ્ઞાનયજ્ઞ પૂર્ણાહૂતિ પ્રસંગે સૌનો
આભાર વ્યક્ત કરતા પૂ. આચાર્યશ્રી જનાર્દનજી મહારાજ



ઉપરોક્ત પ્રસંગે 'સત્પંથ દર્શન' પ્રદર્શનનું નિદર્શન કરતા
પ.પૂ. આચાર્યશ્રી જનાર્દનજી મહારાજ,
પૂ. મહંતશ્રી જયરામદાસજી મહારાજ તેમજ અન્ય મહાનુભાવો.


ૐ શ્રી નિષ્કલંકી નારાયણ
પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ
મુ. રવિપુરાકંપા, તા.
૨૨-૧૨-૨૦૧૨)
Ravipura Kampa, Vadali, Satpanth Khana
ઉપરોક્ત પ્રસંગે સંતોના ભવ્ય સ્વાગત - શોભાયાત્રા
પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ
ઉપરોક્ત પ્રસંગે મંચસ્થ બિરાજમાન પ.પૂ. જગદ્ગુરુ શ્રી નાનકદાસજી મહારાજ તથા પૂ. સંતો - મહંતો - મહાનુભાવો
ઉપરોક્ત પ્રસંગે ધર્મસભામાં ધર્મલાભ લેતા ભાવિક હરિભક્તો
ઉપરોક્ત પ્રસંગે વિષ્ણુયાગ મહાયજ્ઞ
ઉપરોક્ત પ્રસંગે વૈદિક મંત્રોચ્ચાર દ્વારા શ્રી નિષ્કલંકી નારાયણ ભગવાનના સિંહાસનની પ્રાણ પ્રતિષ્ઠા, આદ્યશક્તિ જ્યોતિ પ્રાગટ્ય વિધિ, ત્રિદેવ જ્યોતિ પ્રાગટ્ય વિધિ, ત્રિદેવ પ્રતિક પ્રાણ પ્રતિષ્ઠા, પ.પૂ. જગદ્ગુરુ શ્રી નાનકદાસજી મહારાજ કરી રહ્યા છે.

Registered under RNI No. GUJ - GUJ - 2012/42296. Dt. 18/05/2012.
Registered Under Postal Registration No. GAME - 1830-2012-2014 By S.S.P. Ahmedabad City DN
Valid up to 31st December 2014. Posted on 15th Every Month from PSO Patrika Channal Ahmedabad - 380002.

આ અંકના વિશિષ્ટ સહયોગી જ્ઞાનદાતા

"સતપંથ પ્રકાશ"ના જાન્યુઆરી - ૨૦૧૩ના અંક માટે રૂા. ૩૧૦૦૦/- (અંકે રૂપિયા એકત્રીસ હજાર)નો આર્થિક સહયોગ "જ્ઞાનદાતા" **શ્રી શીવલાલભાઈ કેશરાભાઈ ભોજાણી** - મુ. વિલાસપુરા કંપા, તા. પ્રાંતિજ, જી. સાબરકાંઠા તરફથી પ્રાપ્ત થયેલ છે. સતપંથ પ્રકાશન સમિતિ તેઓશ્રીના આ "જ્ઞાનદાન"નો સહર્ષ સ્વીકાર કરે છે.

શ્રી નિષ્કલંકી નારાયણ ભગવાન અને સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજની કૃપા સદાય તેમના ઉપર રહે તેવા પ.પૂ. જગદ્‌ગુરુશ્રી નાનકદાસજી મહારાજ તથા સંપાદક શ્રી શામજીદાદાના અભિનંદન સહ આશીર્વાદ.

રવાના :
સતપંથ પ્રકાશ
સતપંથ પ્રકાશન સમિતિ
પ્રેરણાપીઠ, પીરાણા, તા. દસક્રોઈ,
જિ. અમદાવાદ - ૩૮૨ ૪૨૫.

To, ______________________

Printed, and Published by **SHAMJIBHAI K. PATEL on behalf of Satpanth Prakashan Samiti** and Printed at **Smruti Offset,** B/5, Ravi Estate, Rustom Mill Compound, Near Torrent Power, Near Water Tank, Dudheshwar, Ahmedabad - 380 004 and published from Satpanth Prakashan Samiti, Shri Satpanth Prernapith, At - PIRANA - 382 425, Taluka - Dascroi, Dist. Ahmedabad.
Editor - **SHAMJIBHAI K. PATEL**